| કુલ ગુણ | 100 |
|---|---|

# સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા - 2024
## PART - 2 (PSYCHOLOGY)

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**PSYCHOLOGY PAPER-2**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય : સવારે ૧૫:૦૦ થી ૧૭:૦૦

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં. |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEET માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (NO NEGATIVE MARKING SYSTEM) |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) "મનોવિજ્ઞાન માનવીની તમામ માનસિક અને શારીરિક પ્રવૃત્તિઓનો વૈજ્ઞાનિક અભ્યાસ છે." આ વ્યાખ્યા કયા મનોવૈજ્ઞાનિકે આપી છે ?

(A) એચ.ઈ. મેરેટ
(B) હિલગાર્ડ એટકીન્સન
(C) સી.ટી. મોર્ગન
(D) વોટ્સન

(2) નીચેના પૈકી કયુ મનોવિજ્ઞાનનું ધ્યેય નથી ?

(A) સ્પષ્ટીકરણ
(B) વર્ણન
(C) આગાહી
(D) પૃથક્કરણ

(3) નીચે પૈકી વૈજ્ઞાનિક મનોવિજ્ઞાનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) પ્લેટો
(B) એરિસ્ટોટલ
(C) વિલિયમ જેમ્સ
(D) વુન્ટ

(4) મનની રચનાના સ્થાને પ્રત્યક્ષકૃત અનુભવના સંગઠન ઉપર ભાર મુકતો અભિગમ કયો છે ?

(A) સમષ્ટિવાદી અભિગમ
(B) રચનાવાદી અભિગમ
(C) વર્તનવાદી અભિગમ
(D) ચેતનાવાદી અભિગમ

(5) નીચે પૈકી કયો અભિગમ માનવીના મનના અજ્ઞાત પાસા ઉપર ભાર મુકે છે ?

(A) વાર્તનિક
(B) માનવવાદી
(C) મનોગત્યાત્મક
(D) બોધાત્મક

(6) ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 'અભયમ્ હેલ્પલાઈન' નીચે પૈકી શેનું ઉદાહરણ છે ?

(A) પ્રાયોગિક મનોવિજ્ઞાન
(B) અસાધારણ મનોવિજ્ઞાન
(C) શાળાકીય મનોવિજ્ઞાન
(D) સમાજલક્ષી અને વ્યક્તિત્વનું મનોવિજ્ઞાન

(7) પ્રયોગ દરમિયાન પ્રયોગકર્તા / નિરીક્ષકની કોઈપણ અંગત માન્યતા, મનોવલણ એ પૂર્વગ્રહ વગરનું નિરીક્ષણ એટલે શું ?

(A) નિયંત્રણ
(B) પુનરાવર્તન
(C) પરિવર્તન
(D) વસ્તુલક્ષિતા

(8) નીચે પૈકી કયુ ઉદાહરણ કુદરતી નિરીક્ષણ પદ્ધતિનું છે ?

(A) બે તાસ વચ્ચેના સમયમાં વર્ગના વિદ્યાર્થીઓના વર્તનનો અભ્યાસ.

(B) ઉત્તરાંચલમાં થયેલ પૂર-પ્રકોપવાળા સ્થળ કે વિસ્તારમાં જઈને નિરીક્ષણ કરવું.

(C) કોઈ ઢોંગી બાબાની પોલ ખોલવા માટે તેના પરમ શિષ્ય બની માહિતી મેળવવી.

(D) સરકારશ્રી તરફથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પ્રાપ્ત થતી આરોગ્ય સવલતોનો અભ્યાસ.

(9) ધારો કે એક બાળકની બુદ્ધિશક્તિ પર થિયામીનની અસર થાય છે કે નહિ તે તપાસવા માટેના પ્રયોગમાં થિયામીનની અસર કયા પ્રકારનો ચલ ગણાશે ?

(A) સ્વતંત્ર ચલ
(B) નિયંત્રિત ચલ
(C) આધારિત ચલ (પરતંત્ર)
(D) પરિવર્તક ચલ

(10) જે વર્તનના નમૂનાનું માપન કરવા માટે કસોટી રચવામાં આવી હોય તે અને માત્ર તે જ વર્તનના પાસાનું માપન કરે તો તે કસોટીની ............. ગણાશે.

(A) વસ્તુલક્ષીતા
(B) યથાર્થતા
(C) વિશ્વસનિયતા
(D) પ્રમાણિતતા

(11) દુર્ગાનંદ સિંહાના પ્રતિમાનમાં બાળકના વિકાસના મુખ્ય ત્રણ વિભાગો કયા છે ?

(A) મિત્રો, પાડોશી અને સમાજ
(B) શિક્ષક, શાળા અને સમાજ
(C) ઘર, શાળા અને સમવયસ્કો
(D) શાળા, મિત્રો અને પર્યાવરણ

(12) જિન પિયાજેના સિદ્ધાંત મુજબ બેથી સાત વર્ષની ઉંમરનો તબક્કો કયો છે ?

(A) મૂર્તિ ક્રિયાત્મક તબક્કો
(B) અમૂર્ત ક્રિયાત્મક તબક્કો
(C) સાંવેદનિક-કારક તબક્કો
(D) પૂર્વક્રિયાત્મક તબક્કો

(13) નૈતિક વિકાસનો સિધ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપેલો છે ?

(A) કોહલબર્ગ
(B) ફ્રોઈડ
(C) જિનપિયાજે
(D) સ્કિનર

(14) ફ્રોઈડે આપેલ મનોનીતીય વિકાસના સિદ્ધાંત અનુસાર બાળકમાં 6 થી 12 વર્ષની ઉંમરની અવસ્થા કયા નામે ઓળખાય છે ?

(A) મુખકેન્દ્રી અવસ્થા
(B) શિશ્નકેન્દ્રી અવસ્થા
(C) સુપ્ત અવસ્થા
(D) ગુદાકેન્દ્રી અવસ્થા

(15) ચાર્લ્સ ડાર્વિને પોતાનું પુસ્તક "The Origin of the species" કયા વર્ષમાં પ્રકાશિત કર્યું હતું ?

(A) 1960
(B) 1859
(C) 1865
(D) 1975

(16) નીચે પૈકી કયો કેન્દ્રિય ચેતાતંત્રનો ભાગ છે ?

(A) સ્વાદુપિંડ
(B) અનુકંપી ચેતાતંત્ર
(C) ચેતાઓ
(D) કરોડરજ્જુ

(17) નીચે પૈકી કઈ ગ્રંથિને 'સર્વોપરી ગ્રંથિ' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) મસ્તિષ્ક ગ્રંથિ
(B) કંઠ ગ્રંથિ
(C) એડ્રિનલ ગ્રંથિ
(D) સ્વાદુપિંડ

(18) અમુક નિયમો અનુસાર લક્ષણોનું પરસ્પર મિલન કે ગોઠવણ એટલે............. .

(A) વિચારણા
(B) તર્કક્રિયા
(C) સંકલ્પના
(D) સમસ્યા ઉકેલ

(19) પ્રથમ આધુનિક કમ્પ્યૂટરની રચના કોણે કરી હતી ?

(A) હર્બર્ટ સિમોન
(B) જોનવોન ન્યૂમેન
(C) એરિક્સન
(D) ચાર્લ્સ બેબેઝ

(20) વ્યક્તિ પોતાના પૂર્વાનુભવ કે સમસ્યાને નાના-નાના પેટા વિભાગોમાં વહેંચીને ઉકેલ સુધી પહોચવાનો પ્રયત્ન કરે છે. તે સમસ્યા-ઉકેલની નીચે પૈકી કઈ રીત સુચવે છે ?

(A) હ્યુરિસ્ટક્સ
(B) સમસ્યા-અવકાશ
(C) અલલોરિધમ
(D) પ્રયત્ન અને ભૂલ

(21) 'વિચારનો ઝબકાર' નીચે પૈકી કઈ બોધાત્મક પ્રક્રિયાનું એક સોપાન છે ?

(A) સમસ્યા ઉકેલ
(B) નિર્ણયપ્રક્રિયા
(C) વિચારણા (ચિંતન)
(D) સર્જનાત્મકતા

(22) 'સ્વાયતતા વિરૂધ્ધ શરમ' તબક્કો કયા સિધ્ધાંતનો ભાગ છે ?

(A) જીવન વિકાસનો સિધ્ધાંત
(B) બોધાત્મક વિકાસનો સિધ્ધાંત
(C) મનોજાતીય વિકાસનો સિધ્ધાંત
(D) શાસ્ત્રીય અભિસધાન

(23) સ્મૃતિના મુખ્ય કેટલા તબક્કા છે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

(24) ભૂતકાળમાં શીખેલી કોઈપણ બાબત જીવનપર્યંત યાદ રહે છે. તે નીચે પૈકી શેનું ઉદાહરણ છે ?

(A) રીતિલક્ષી સ્મૃતિ
(B) અર્થાત્મક સ્મૃતિ
(C) ઘટનાત્મક સ્મૃતિ
(D) સાંવેદનિક સ્મૃતિ

(25) PQRST પધ્ધતિમાં 'S' એટલે શું ?

(A) Self - Confidence
(B) Self - Recitation
(C) Short - term memory
(D) Success

(26) નીચે પૈકી કઈ વાણીની ભૂલ નથી ?

(A) મિશ્રણ
(B) સ્પૂનરીઝમ
(C) ઘર્ષણ
(D) શબ્દની અદલાબદલી

(27) પ્રત્યાયન પ્રક્રિયાનો અંતિમ તબક્કો કયો છે ?

(A) સંકેતાંકન (B) પ્રતિપુષ્ટિ

(C) માધ્યમનો ઉપયોગ (D) વિસંકેતન

(28) નીચે પૈકી કયુ અશાબ્દિક પ્રત્યાયન છે ?

(A) અક્ષરો (B) વિરામ

(C) વિરામચિહ્નો (D) હાવભાવ

(29) સ્વ-સાર્થકતા (Self actualisation) નો સિધ્ધાંત કોણે આપ્યો છે ?

(A) મેસ્લો (B) કાર્લ રોજર્સ

(C) સ્કિનર (D) માર્શલ

(30) વ્યક્તિત્વ વિકાસ પર અસર કરતાં પરિબળોમાં નીચે પૈકી કયુ પરિબળ નથી ?

(A) શારીરિક પરિબળો (B) રાજનૈતિક પરિબળો

(C) જૈવીય પરિબળો (D) મનોવૈજ્ઞાનિક પરિબળો

(31) વ્યક્તિ પોતાને જે રીતે જુએ છે તે એટલે........

(A) વ્યક્તિત્વ (B) આત્મા

(C) સ્વ (D) સાર્થકતા

(32) TAT પ્રક્ષેપણ કસોટીની રચના કોણે કરી છે ?

(A) હરમન રોર્શાક (B) હેનરી મરે

(C) રોઝનવીગ (D) આલ્ફ્રેડ બિને

(33) સિધ્ધીપ્રેરણાનો ખ્યાલ નીચે પૈકી કોણે આપ્યો છે ?

(A) અબ્રાહ્મ મેસ્લો (B) સી.ટી. મોર્ગન

(C) એરિક એરિક્સન (D) મકલેલેન્ડ

(34) 'ચેતનાની બદલાયેલી અવસ્થા' શબ્દનો પ્રથમ ઉપયોગ કોણે કર્યો છે ?

(A) ચાર્લ્સ ટાર્ટ (B) આર્નોલ્ડ લુડવિગ

(C) વિલ્હેમ વુંટ (D) રોઝનવીગ

(35) નિદ્રાની ગાઢતાના કયા તબક્કામાં 'થીટા તરંગો'નો ઉપયોગ થાય છે ?

(A) દ્વિતીય (B) તૃતીય

(C) પ્રથમ (D) ચતુર્થ

(36) નિદ્રાના ચતુર્થ તબક્કાનો સમયગાળો આશરે કેટલો હોય છે ?

(A) 90 મિનિટ (B) 60 મિનિટ

(C) 40 મિનિટ (D) 30 મિનિટ

(37) એક વિજ્ઞાન તરીકે મનોવિજ્ઞાનનો ક્રમિક વિકાસક્રમ કયો છે ?

(A) મનનું વિજ્ઞાન → આત્માનું વિજ્ઞાન → ચેતનાનું વિજ્ઞાન → વર્તનનું વિજ્ઞાન

(B) આત્માનું વિજ્ઞાન → ચેતનાનું વિજ્ઞાન → વર્તનનું વિજ્ઞાન → મનનું વિજ્ઞાન

(C) આત્માનું વિજ્ઞાન → મનનું વિજ્ઞાન → ચેતનાનું વિજ્ઞાન → વર્તનનું વિજ્ઞાન

(D) વર્તનનું વિજ્ઞાન → ચેતનાનું વિજ્ઞાન → મનનું વિજ્ઞાન → આત્માનું વિજ્ઞાન

(38) નીચેના પૈકી કયુ મનોવિજ્ઞાનનું ધ્યેય નથી ?

(A) વર્ણન (B) સ્પષ્ટીકરણ

(C) આગાહી (D) સંચાલન

(39) મનોવિજ્ઞાનના અભિગમોના સંદર્ભમાં કઈ જોડ સાચી નથી ?

(A) વાર્તનિક અભિગમ - જે.બી. વૉટસન

(B) મનોગત્યાત્મક અભિગમ - સિગ્મંડ ફ્રોઇડ

(C) માનવતાવાદી અભિગમ - બી.એફ. સ્કિનર

(D) બોધાત્મક અભિગમ - જીન પિયાજે

(40) સંવેદન, ધ્યાન, તર્ક અને સ્મૃતિનો સંબંધ મનોવિજ્ઞાનના કયા ક્ષેત્ર સાથે છે ?

(A) બોધાત્મક મનોવિજ્ઞાન (B) વિકાસાત્મક મનોવિજ્ઞાન

(C) પ્રાયોગિક મનોવિજ્ઞાન (D) સંગઠનલક્ષી મનોવિજ્ઞાન

(41) પ્રત્યક્ષીકરણ એટલે શું ?

(A) ધ્યાનની એકાગ્રતા (B) ચિત્તની એકાગ્રતા

(C) ઉદ્દીપકની એકાગ્રતા (D) સંવેદનોનું સંગઠન

(42) ધ્યાન વિચલન એટલે શું ?

(A) ધ્યાનની અસ્થિરતા (B) ધ્યાનની સ્થિરતા

(C) ધ્યાન નિયમન (D) ધ્યાન કેન્દ્રિકરણ

(43) બાળકને માતાના હાથનો સ્પર્શ થાય તે કયો સંવેદન છે ?

(A) બાહ્ય સંવેદક (B) આંતરિક સંવેદક

(C) શરીર સંવેદક (D) આંતર-બાહ્ય સંવેદક

(44) શીખવાની ક્રિયામાં કોનો સમાવેશ થતો નથી ?

(A) અનુભવ અને મહાવરો (B) સાપેક્ષ કાયમી ફેરફાર

(C) વર્તન પરિવર્તન (D) સાહજિક વર્તન

(45) આસપાસના સામાજિક પર્યાવરણના અવલોકનમાંથી શીખવાની ક્રિયાને શું કહે છે ?

(A) અભિસંધાન દ્વારા શિક્ષણ (B) પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણ

(C) અનુકરણ દ્વારા શિક્ષણ (D) આંતરસુઝ દ્વારા શિક્ષણ

(46) શાસ્ત્રીય (પ્રશિષ્ટ) અભિસંધાનનાં પ્રયોગમાં ઘંટડીનો અવાજ શું છે ?

(A) અનઅભિસંધિત ઉદ્દીપક (B) અભિસંધિત ઉદ્દીપક

(C) અનઅભિસંધિત પ્રતિક્રિયા (D) અભિસંધિત પ્રતિક્રિયા

(47) કારક અભિસંધાનના સંદર્ભમાં વિલોપન એટલે શું ?

(A) શીખેલી પ્રતિક્રિયાની દૃઢતા (B) શીખેલી પ્રતિક્રિયાનું ભેદબોધન

(C) શીખેલી પ્રતિક્રિયાનું સામાન્યીકરણ (D) શીખેલી પ્રતિક્રિયાની લુપ્તતા

(48) આંતરસૂઝ દ્વારા શિક્ષણનો સંબંધો કઈ વિચારધારા સાથે છે ?

(A) વર્તનવાદ (B) જોડાણવાદ

(C) સાહચર્યવાદ (D) સમષ્ટિવાદ

(49) સમાજમાં કઈ કક્ષાની બુદ્ધિ ધરાવતાં લોકોનું પ્રમાણ સૌથી ઓછું છે ?

(A) માનસિક પડકારરૂપ અને પ્રતિભાશાળી બુદ્ધિ (B) ઉચ્ચ બુદ્ધિ

(C) સરેરાશ બુદ્ધિ અને સીમાવર્તી બુદ્ધિ (D) ઉચ્ચ સરેરાશ બુદ્ધિ

(50) સ્પિયરમેનનાં સિદ્ધાંત અનુસાર સામાન્ય બોધતત્વ શું છે ?

(A) જન્મદત્ત ક્ષમતા (B) વાતાવરણમાંથી પ્રાપ્ત ક્ષમતા

(C) વિશિષ્ટ ક્ષમતા (D) સંપાદિત ક્ષમતા

(51) બુદ્ધિના ત્રિ-પરિમાણાત્મક સિદ્ધાંત અનુસાર વિકેન્દ્રિત ચિંતનનો સમાવેશ શેમાં થશે ?

(A) વસ્તુ (B) ક્રિયા

(C) નિપજ (D) રૂપાંતર

(52) બહુવિધ બુદ્ધિના સિદ્ધાંત અનુસાર કઈ જોડ સાચી નથી ?

(A) અવકાશી બુદ્ધિ → માનસિક પ્રતિમાઓ રચવી

(B) આંતર વૈયક્તિક બુદ્ધિ → અન્ય વ્યક્તિઓ વિશેની સમજ

(C) વ્યક્તિ અંતર્ગત બુદ્ધિ → પોતાની લાગણીઓની સમજ

(D) નૈસર્ગિક બુદ્ધિ → સ્વ-વિશેની સમજ

(53) મનોવલણના સંદર્ભમાં કયુ વિધાન સાચું છે ?

(A) મનોવલણો મોટા ભાગે કાયમી હોતા નથી.

(B) મનોવલણો ગમા-અણગમા દર્શાવતા નથી.

(C) મનોવલણો જન્મજાત નથી.

(D) મનોવલણો શીખેલાં હોતા નથી.

(54) નીચેનામાંથી કયુ ઘટક મનોવલણ ઘડતરમાં અસર કરતું નથી ?

(A) કુટુંબ
(B) સામાજિકરણ
(C) વારસો
(D) સમૂહ માધ્યમો

(55) પ્રતિક્રિયા આપવાનું પૂર્વનિશ્ચિત વલણ એટલે શું ?

(A) મનોવલણ
(B) પૂર્વગ્રહ
(C) અભિસંધાન
(D) અભિપ્રાય

(56) હતાશા, સંઘર્ષ અને દબાણ એ શેનાં પ્રકારો છે ?

(A) મનોભાર
(B) મનોવલણ
(C) પૂર્વગ્રહ
(D) અનુકૂલન

(57) બાળકને ભણવું અને રમવું બન્ને ના પસંદ હોય ત્યારે ઊભાં થતાં સંઘર્ષને શું કહે છે ?

(A) વિગમન - વિગમન સંઘર્ષ

(B) અભિગમન - અભિગમન સંઘર્ષ

(C) અભિગમન - વિગમન સંઘર્ષ

(D) વિગમન - અભિગમન સંઘર્ષ

(58) યૌક્તિકીકરણ એ શું છે ?

(A) મનોવિકૃતિ
(B) બચાવ પ્રયુક્તિ
(C) પ્રક્ષેપણ પ્રયુક્તિ
(D) મનોભાર

(59) શિથીલીકરણ શેનાં માટે સૌથી વધુ ઉપયોગી છે ?

(A) સાંવેગિક સ્વાસ્થ્યની સુધારણા
(B) સામાજિક સ્વાસ્થ્યની સુધારણા
(C) માનસિક સ્વાસ્થ્યની સુધારણા
(D) શારીરિક સ્વાસ્થ્યની સુધારણા

(60) શબ્દોને સમજવાની અક્ષમતા કઈ મનોવિકૃતિનું લક્ષણ છે ?

(A) ઓટિઝમ
(B) ધ્યાનન્યૂનતા
(C) ડિસ્લેક્ષીયા
(D) અતિપ્રવૃત્તિશીલતા

(61) સામાજિક ધોરણોથી વિપરીત વર્તનને શું કહે છે ?

(A) અસાધારણ વર્તન
(B) સાધારણ વર્તન
(C) સામાન્ય વર્તન
(D) અભિસંધિત વર્તન

(62) નીચેના પૈકી અસાધારણ વર્તનનું જૈવીય કારણ કયું છે ?

(A) દોષયુક્ત સામાજિકરણ
(B) સંસ્કૃતિના આગવા નિયમો
(C) જીવનમાં થતાં અનુભવો
(D) અંતઃસ્ત્રાવી ગ્રંથીઓની અસમતુલા

(63) નીચેનામાંથી કયુ સલાહનું સામાન્ય તત્ત્વ નથી ?

(A) સલાહાર્થી
(B) સલાહકાર
(C) અંગત સંબંધો
(D) પારસ્પરિક આંતરક્રિયા

(64) સલાહ આપવાનો પ્રારંભ સલાહકાર કયા સોપાનથી કરશે ?

(A) સલાહ સંબંધની સ્થાપના કરવી
(B) સલાહાર્થીનો આવવાનો હેતુ જાણવો
(C) સમસ્યાઓનું સ્પષ્ટીકરણ કરવું
(D) સંરચના અને ધ્યેયો નક્કી કરવા

(65) મનોપચારનો કયો તબક્કો ખરેખર ઉપચારનો તબક્કો છે ?

(A) પૂર્વ તૈયારીનો તબક્કો
(B) આરંભનો તબક્કો
(C) મધ્યનો તબક્કો
(D) અંતિમ તબક્કો

(66) મનોપચારના કયા અભિગમમાં બાલાવસ્થાના અનુભવોને માનસિક રોગોનું મૂળ માનવામાં આવે છે ?

(A) વર્તનોપચાર અભિગ
(B) મનોવિશ્લેષણાત્મક અભિગમ
(C) બોધાત્મક અભિગમ
(D) અસીલ કેન્દ્રિત અભિગમ

(67) અષ્ટાંગ યોગનું અંતિમ પગથિયું કયુ છે ?

(A) ધ્યાન
(B) ધારણા
(C) પ્રત્યાહાર
(D) સમાધિ

(68) પર્યાવરણ અંગેના કર્ટ લેવિનના પ્રતિમાનમાં કયો ખ્યાલ આપવામાં આવ્યો છે ?

(A) પર્યાવરણીય જીવન
(B) પર્યાવરણીય વર્તન
(C) જીવન અવકાશ
(D) જીવન વિકાસ

(69) કયા પ્રદુષણના કારણે વ્યક્તિ તણાવ અને એકાગ્રતામાં વિક્ષેપ અનુભવે છે ?

(A) હવાનું પ્રદુષણ
(B) ગીચતાનું પ્રદુષણ
(C) ગંદકીનું પ્રદુષણ
(D) ઘોંઘાટનું પ્રદુષણ

(70) નીચેનામાંથી કયું સંસ્થાનું લક્ષણ નથી ?

(A) સમાન લક્ષ્ય
(B) વ્યક્તિગત લક્ષ્ય
(C) પ્રયત્નોનું સંકલન
(D) જવાબદારી અને અધિકાર

(71) કઈ વ્યવસ્થામાં નિર્ણય લેવાની સત્તા વહેંચાય જાય છે ?

(A) વિકેન્દ્રિકરણ
(B) કેન્દ્રિકરણ
(C) ઔપચારીકરણ
(D) નવિનીકરણ

(72) નીચેનામાંથી કઈ કર્મચારી પસંદગીની રીત નથી ?

(A) મુલાકાત
(B) લેખિત કસોટી
(C) સામાજિકતામિતિ
(D) કર્તૃત્વની કસોટીઓ

(73) મનોવિજ્ઞાનના શિક્ષણ સાથે સામાજિક વિજ્ઞાનને જોડવામાં આવે તેને શું કહેવાય ?

(A) અનુકરણ દ્વારા શિક્ષણ
(B) અનુસંધાન દ્વારા શિક્ષણ
(C) અવલોકન દ્વારા શિક્ષણ
(D) અનુબંધ દ્વારા શિક્ષણ

(74) નીચેનામાંથી કઈ બાબતને અનુબંધ સાથે સીધો સંબંધ નથી ?

(A) મૂલ્યાંકનમાં લવચિકતા
(B) શિક્ષણકાર્યમાં વૈવિધ્ય
(C) શિક્ષણકાર્યમાં સરળતા
(D) વિષયવસ્તુની રજૂઆતમાં રસપ્રદતા

(75) મનોવિજ્ઞાન સંબંધિત માહિતી પ્રદર્શિત કરવા માટે મનોવિજ્ઞાન ક્લબ પાસે કઈ પ્રવૃત્તિ કરાવશો ?

(A) બુલેટીન બોર્ડ
(B) પુસ્તક સમીક્ષા
(C) સામયિક વાચન
(D) શાળા પંચાયત

(76) મનોવિજ્ઞાનના શિક્ષકમાં નીચેના પૈકી કયુ લક્ષણ અનિવાર્ય નથી ?

(A) મનોવિજ્ઞાનનું જ્ઞાન
(B) તમામ ક્ષેત્રોનો નિષ્ણાંત
(C) વ્યવસાય પ્રત્યે નિષ્ઠા
(D) વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ

(77) મનોવિજ્ઞાનનાં શિક્ષણ કાર્ય માટે નિશ્ચિત કરેલ અલગ વ્યવસ્થાને શું કહેવાય ?

(A) મનોવિજ્ઞાન કોર્નર
(B) મનોવિજ્ઞાન પ્રયોગશાળા
(C) મનોવિજ્ઞાન ક્લબ
(D) મનોવિજ્ઞાન મંડળ

(78) મનોવિજ્ઞાન પ્રયોગશાળાના નિર્માણમાં પડકારરૂપ બાબત કઈ છે ?

(A) વાલીઓમાં જાગૃતિનો અભાવ
(B) સાથી શિક્ષકોનો સહયોગ
(C) સમાજમાં જાગૃતિનો અભાવ
(D) શિક્ષકનો ઓછો રસ

(79) વિદ્યાર્થીઓને મનોવિજ્ઞાન સંબંધિત છેલ્લામાં છેલ્લી અદ્યતન માહિતી શેમાંથી મળશે ?

(A) સામયિકો
(B) સહભ્યાસિક પ્રવૃત્તિઓ
(C) પૂરક સાહિત્ય
(D) આલેખ

(80) નીચેનામાંથી કયો પાઠ્યપુસ્તક મૂલ્યાંકનનો માપદંડ નથી ?

(A) વિષયવસ્તુની રજૂઆત
(B) વિષયવસ્તુની ગોઠવણી
(C) પુસ્તકનું બાહ્ય સ્વરૂપ
(D) વિષયવસ્તુ સંક્રમણ

(81) પ્રત્યક્ષીકરણના પ્રયોગોમાં કયા સાધનનો ઉપયોગ થાય છે ?

(A) મ્યુલર-લાયર
(B) ટેચિસ્ટોસ્કોપ
(C) દર્પણાલેખન યંત્ર
(D) વ્યુત્ક્રામ્ય આકૃતિઓ

(82) દર્પણાલેખનના પ્રયોગ સાથે કયો સિદ્ધાંત જોડાયેલો છે ?

(A) આંતરસૂઝ દ્વારા શિક્ષણ
(B) પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણ
(C) અન્વેષણાત્મક અધ્યયન
(D) ક્રિયા દ્વારા શિક્ષણ

(83) ધોરણ-11 મનોવિજ્ઞાનના વર્તમાન પાઠ્યપુસ્તકમાં પ્રકરણોની સંખ્યા કેટલી છે ?

(A) 10
(B) 11
(C) 12
(D) 13

(84) ધોરણ-11 અને 12 ના મનોવિજ્ઞાનના વર્તમાન પાઠ્યપુસ્તકમાં કઈ બાબત જોવા મળતી નથી ?

(A) આકૃતિ અને ચાર્ટ
(B) પારિભાષિક શબ્દોનાઅંગ્રેજી પર્યાય
(C) પૂરક માહિતી
(D) પ્રવૃત્તિઓ

(85) પ્રમાણિત મનોવૈજ્ઞાનિક કસોટીમાં કઈ બાબત જોવા નહિ મળે ?

(A) વિશ્વસનીયતા
(B) યથાર્થતા
(C) આત્મલક્ષિતા
(D) વસ્તુલક્ષિતા

(86) નીચેનામાંથી કઈ કસોટી પ્રક્ષેપણ પ્રયુક્તિ છે ?

(A) દેસાઈ સમૂહ બુદ્ધિ કસોટી
(B) રોરશેકની શાહીના ડાઘાની કસોટી
(C) વેક્સલર ઇન્ટેલિજન્સ સ્કેલ
(D) સ્ટેનફર્ડ - બિને સ્કેલ

(87) બોધાત્મક પ્રતિમાનનો અગત્યનો સિધ્ધાંત કયો છે ?

(A) આરોપણનો સિધ્ધાંત
(B) સ્વ-ક્ષમતાનો સિધ્ધાંત
(C) ગેસ્ટાલ્ટનો સિધ્ધાંત
(D) પ્રત્યક્ષીકરણનો સિધ્ધાંત

(88) ઓટિઝમ શું છે ?

(A) વિકૃત વ્યય
(B) આત્મરત વિકૃતિ
(C) ડિસ્લેક્ષીયા
(D) ધ્યાનન્યૂનતા

(89) વ્યક્તિના જીવનમાં થતા અમુક અનુભવો કે જેને યાદ કરાવવા માટે ઘણાં પ્રયત્નો કરવા છતાં ચેતનાના કેન્દ્ર પ્રદેશમાં પુનઃ લાવી શકતા નથી તેને કઈ અવસ્થા કહેવાય છે ?

(A) ચેતન અવસ્થા
(B) અવચેતન અવસ્થા
(C) અબોધ ચેતન અવસ્થા
(D) સ્વપ્ન

(90) બીજાના ચિતમાં ચાલતા વિચારો કોઈ પ્રગટ માધ્યમ વગર જાણી જવા તે મનની કઈ શક્તિ દ્વારા શક્ય બને છે ?

(A) પૂર્વજ્ઞાન (Pre-Cognition)
(B) મનોગતિ (Psychokinesis)
(C) દૂરદૃષ્ટિ (clairvoyance)
(D) વિચારસંક્રમણ (telepathy)

(91) નીચે પૈકી કઈ કસોટી ક્રિયાત્મક કસોટી નથી ?

(A) ગોડાર્ડ ફોર્મ બોર્ડ
(B) એલેક્ઝાન્ડર્સ પાંસ એલોંગ
(C) આર્થર પોઇન્ટ સ્કેલ
(D) કુડર પ્રેફરન્સ રેકોર્ડ્સ

(92) નીચે પૈકી કઈ બહુઅવયવી કસોટી માળા નથી ?

(A) DAT
(B) GATB
(C) TAT
(D) FACT

(93) ભવિષ્યમાં અમુકક્ષેત્રમાં કેવા પ્રકારનું કાર્ય કરવાની ક્ષમતા વ્યક્તિ ધરાવે છે તે જાણવા માટે કઈ કસોટી આપવામાં આવે છે ?

(A) અભિયોગ્યતા
(B) વલણમાપન
(C) મૂલક સંદર્ભ
(D) રસસંશોધિની

(94) ગુજરાતમાં તૈયાર થયેલી સમૂહ બુદ્ધિ કસોટીઓમાં 'માણસ દોરો' કસોટી તૈયાર કરનાર કોણ છે ?

(A) કે.જી. દેસાઈ
(B) પ્રમિલા ફાટક
(C) જ્યોતિ દેસાઈ
(D) ચંપા ભટ્ટ

(95) કુદરતી વાતાવરણમાં થતુ સમસ્યા ઉકેલ શોધવાનું કાર્ય એટલે........

(A) પ્રોજેક્ટ પધ્ધતિ (B) જીવનવૃતાંત

(C) સંશોધનાત્મક પધ્ધતિ (D) ચર્ચા પધ્ધતિ

(96) અધ્યાપન કૌશલ્યમાં પારંગતતા મેળવવા માટે માઈક્રોટીચિંગની સૌપ્રથમ વ્યાખ્યા કોણે કરી હતી ?

(A) ડૉ. કુલકર્ણી (B) જ્હોન ડ્યુઈ

(C) વિલિયમ ક્લિપેટ્રીક (D) ડ્વાઈટ એલન

(97) વિષયાભિમુખ કૌશલ્ય માટે નીચે પૈકી કયુ લાગુ પડતું નથી ?

(A) વિદ્યાર્થીઓને નવીન જ્ઞાન માટે તત્પર બનાવવા.

(B) પ્રશ્નનું યૌગ્ય બંધારણ રાખવું.

(C) અપેક્ષિત પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી.

(D) પૂર્વજ્ઞાન અને નવીન જ્ઞાન વચ્ચેના અંતરને ઘટાડવું.

(98) 'આ પ્રસંગ પેલા પ્રસંગથી કઈ રીતે જુદો પડે છે ?' – આ પ્રશ્નનો સમાવેશ કયા પ્રકારમાં થશે ?

(A) ધ્યાન કેન્દ્રિત કરતાં પ્રશ્નો

(B) પ્રોત્સાહન પૂરું પાડતા પ્રશ્નો

(C) દિશાસૂચન પ્રશ્નો

(D) વિવેચનાત્મક જાણકારી વધારનાર પ્રશ્ન

(99) વિદ્યાર્થી જે જાણતો હોય તેનો આધાર લઈને નવા જ્ઞાનની રજૂઆત કરવી એ કયા અધ્યાપનના સૂત્રને રજૂ કરે છે ?

(A) સરળથી કઠિન

(B) જ્ઞાત પરથી અજ્ઞાત તરફ

(C) મૂર્ત પરથી અમૂર્ત

(D) પૃથક્કરણ પરથી સંયોગીકરણ

(100) ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ મનોવિજ્ઞાનના વર્તમાન પાઠ્યપુસ્તકો કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે ?

(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(B) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(C) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

(D) રાજ્ય પરીક્ષા બોર્ડ

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

PAPER-2

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.